વર્ષ ૨૦૧૯-૨૦ માટે સીધા ધિરાણ યોજના હેઠળ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના મંજૂર થયેલ એકશન પ્લાન ખર્ચ બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૧/૨૪૮/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૩૦/૦૭/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૩/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૧૯/૧૦૫૪૭૬/અ.૧

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૧૨/૦૨/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ પવવિનિ/યજન/એ.પ્લાન/૧૧૪૨૪/૨૧ તથા તા.૨૨/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ પવવિનિ/યજન/૧૭૦૬૨/૨૧

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના પત્રથી વર્ષ ૨૦૧૯-૨૦ માટે સીધા ધિરાણ યોજના હેઠળ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો રૂ.૧૬.૦૦ કરોડનો એકશન પ્લાન મંજૂર કરવામાં આવેલ હતો. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી ઉક્ત મંજૂર કરેલ એકશન પ્લાન પૈકી અન્ય યોજનાઓની બચત રકમ રૂ.૬૦૦.૨૬ લાખમાંથી પશુપાલન યોજનામાં વધારે મળેલ અરજીઓ માટે રૂ.૧૩.૫૩ લાખ અને શૈક્ષણિક લોન યોજનામાં વધારે મળેલ અરજીઓ માટે રૂ.૫૬૯.૧૩ લાખનો ખર્ચ કરવાની મંજૂરી આપવા માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૯-૨૦ માટે સીધા ધિરાણ યોજના હેઠળ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના રૂ.૧૬.૦૦ કરોડના એકશન પ્લાન પૈકી અન્ય યોજનાઓની બચત રકમ રૂ.૬૦૦.૨૬ લાખમાંથી પશુપાલન યોજનામાં વધારે મળેલ અરજીઓ માટે રૂ.૧૩.૫૩ લાખ અને શૈક્ષણિક લોન યોજનામાં વધારે મળેલ અરજીઓ માટે રૂ.૫૬૯.૧૩ લાખનો ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્રની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૨૭/૦૭/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેકટ ફાઇલ